सत्यमेव जयते

| દાખલ તારીખ | ૨૫/૦૫/૨૦૨૬. | | |
|---|---|---|---|
| ફેસલ તારીખ | ૦૯/૦૬/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૪ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૬૬૫/૨૦૨૬.
આંક–૫.

**મુનાભાઈ અમરુભાઈ ભાભર,**
ઉ.વ. ૨૫, ધંધો : મજુરી,
રહે.લાલાભાઈ આહિરની વાડી, મોડપર,
તા.લાલપુર, જી.જામનગર,
મુળ : બહિડા, તળીયા ફળી, તા.જોબટ,
પો.બોડી, જી.અલીરાજપુર, એમ.પી. :: અરજદાર.

**વિરુદ્ધ**

**શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર. :: સામાવાળા.

બાબત : બી.એન.એસ.એસ. કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ અરજી.

અરજદાર તરફે વિ.વ. શ્રી વી.વાય. જાની.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.

## –:: ચુકાદો ::–

૧. હાલનાં ગુન્હાનાં આરોપી વિરુદ્ધ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન, ગુ.ર. નં.૧૧૨૦૨૦૫૬૨૫૧૦૧૧/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૪, ૬૧, ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૦૫(એ), ૩૦૯(૪), ૩૦૯(૬), ૩૧૦(૨), ૩૧૦(૫), ૩૧૧, ૩૩૧ તથા જી.પી. એક્ટ કલમ–૧૩૫(૧) (સેશન્સ

કેસ નં.૨૭/૨૦૨૬) મુજબનાં ગુન્હા નોંધાયેલ હોય, સદરહુ ગુન્હાનાં કામે અરજદારની માલીકીનો મોબાઈલ ફોન મુદ્દામાલ તરીકે કબજે કરવામા આવેલ છે. સદરહુ સેશન્સ કેસ અત્રેની અદાલતમા પેન્ડિંગ હોય, મુદ્દામાલ લાંબો સમય પોલીસ સ્ટેશનમા પડી રહે તો, નુકશાન થાય તેમ છે વિગેરે હકીકતો જણાવી હાલની અરજી સદરહુ મુદ્દામાલ વચગાળાનાં તબકકે પરત મેળવવા દાખલ કરવામા આવેલી છે.

૨. સામાવાળાને નોટીસ કરતા વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી હાજર થયેલા છે. અરજી સાથે રજુ પેપર્સ, સેશન્સ કેસનું રેકર્ડ, પોલીસ અભિપ્રાય તથા આંક–૪ સાથે રજુ કરવામા આવેલ મુદ્દામાલની હાલની સ્થિતિનું પંચનામુ, મુદ્દામાલ પાવતી અને ફોટોગ્રાફસ વંચાણે તથા ધ્યાને લીધા અને દલીલો સાંભળવામા આવેલી છે.

૩. અરજદારનાં વિ.વ.શ્રીએ પોતાની અરજી હકીકતોને અનુરૂપ દલીલો કરી ખાસ કરીને મુદ્દામાલ લાંબો સમય પડી રહે તો, બગડી જાય, નુકશાન થાય તેમ છે વિગેરે હકીકતો જણાવી અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

૪. સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીએ ટૂંકમા મુખ્યત્વે મુદ્દામાલ પરત નહીં કરવા દલીલો કરેલી છે. વધુમા, આંક–૪ થી રજુ પોલીસ અભિપ્રાય વંચાણે લેતા મુદ્દામાલ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલો છે અને મુદ્દામાલની કિંમત રૂા.૫,૦૦૦/– દર્શાવેલ છે.

૫. આ કામે આંક–૩ નાં લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામા આવે તો, અરજદારનાં નામનાં મોબાઈલ ફોનનું બિલ રજુ કરવા મા આવેલ છે, તે વંચાણે લેતા માગણી કરવામા આવેલ મોબાઈલ ફોન અરજદારનાં નામે રજીસ્ટર્ડ થયેલ હોવાનું જણાય છે. તેથી, અરજદાર

મુદ્દામાલ પરત મેળવવા હકકદાર છે તેવી અરજદાર તરફેની રજુઆત યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હોવાનું માનવાને કારણ છે તેમજ હાલનાં કામમા હુકમ કરવામા આવેલ છે, તે અન્વયે સબંધીત પોલીસ સ્ટેશન તરફથી મુદ્દામાલનું પંચનામુ તથા ફોટોગ્રાફ રજુ થઇ ગયેલા છે, જે મુળ ચાર્જશીટમા સામેલ રાખી શકાય છે.

૬. વધુમા, આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અરજદારનાં રોજબરોજનાં ઉપયોગ માટે જરૂરી અને આવશ્યક છે તેમજ તે લાંબો સમય સુધી કોર્ટ કસ્ટડીમા પડી રહે તો, ખરાબ થઇ જાય તેમ છે. તેથી, નામદાર સુપ્રિમ કોર્ટ નાં પ્રસ્થાપિત સિદ્ધાંતો પણ આ વિષયને પુષ્ટિ આપે છે. **નામદાર સુપ્રિમ કોર્ટનાં ૨૦૦૩(૧) જી.એલ.એચ. ૩૦૭, સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**નાં કેસમા કરવામા આવેલા અવલોકનો જોતા મુદ્દામાલ ટ્રાયલ વખતે પુરાવા તરીકે જરૂર ના હોય તો, વિના વિલંબે જે તે વ્યકિતને પરત કરવો જોઇએ. હાલનાં કેસમા રજુ પોલીસ અભિપ્રાય વંચાણે લેતા મુદ્દામાલ ઉપર કોઇ નિશાનો હોય કે અન્ય કોઇ પુરાવો હોય કે જે અરજદારને મુદ્દામાલ પરત સોંપવાથી નાશ પામે તેમ હોય તેવું જણાઇ આવતુ નથી. જે સંજોગોમા માત્ર ગુન્હાની ગંભીરતા ધ્યાને લઇ મુદ્દામાલ વચગાળાની કસ્ટડીમા અરજદારને સોંપવા ઇન્કાર કરી શકાય નહીં.

૭. આમ, સમગ્ર હકીકતો જોતા અરજદારને મુદ્દામાલ સોંપવામા આવશે તો, યોગ્ય, ન્યાયી અને વ્યાજબી રહેશે તેમ જણાઇ આવતુ હોય, ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-:: <u>હુકમ</u> ::-

૧. અરજદારની અરજી નીચેની શરતોને આધીન મંજુર કરવામા આવે છે અને અરજદારને મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

**-:: <u>શરતો</u> ::-**

**(૧)** અરજદારે રૂા.૮,૦૦૦/- (અંકે રૂપિયા આઠ હજાર પુરા)નાં જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપવાનાં રહેશે.

**(૨)** સદરહુ મુદ્દામાલ કોર્ટ જયારે મંગાવે ત્યારે, રજુ કરવાનો છે.

**(૩)** અરજદારે મુદ્દામાલ કેસનાં આખરી નિકાલ સુધી વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈરીતે કોઇને ટ્રાન્સફર કરવો નહીં.

**(૪)** અરજદારે માલીકી દર્શાવતા અસલ દસ્તાવેજો કોર્ટ સમક્ષ રજુ કરવા નાં રહેશે. જે સંતોષકારક જણાયેથી તેની નકલ રાખી તેની અસલ અરજદારને પરત કરવાની રહેશે.

**(૫)** સબંધીત પોલીસ સ્ટેશનનાં પી.આઇ.શ્રી દ્વારા મુદ્દામાલનું પંચનામુ પંચો તથા અરજદારની હાજરીમા કરેલ છે તથા ફોટોગ્રાફ્સ સામેલ રાખેલ છે, જે પુરાવામા ગ્રાહય ગણાશે, સદરહુ અસલ દસ્તાવેજો ચાર્જશીટ સાથે સામેલ રાખવા યાદી કરવી અને તેની એક નકલ હાલનાં કામમા રાખવી.

**(૬)** અરજદારે મુદ્દામાલની ઓળખ, દેખાવમા ફેરફાર થાય તેવું કૃત્ય કરવુ નહીં.

**૨.** હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજરોજ તા.૯મી જુન, ૨૦૨૬ નાં રોજ ખુલી અદાલતમા વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જામનગર.
તા.૯/૬/૨૦૨૬.
<u>વી.વી. જોટાણીયા.</u>

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 09/06/2026 17:35:25 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સેશન્સ જજ
<u>કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર</u>